ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# જ્ઞાનગંગા
ન્યૂઝ લેટર





વર્ષ : 19 અંક : 66 જુલાઈ - સપ્ટેમ્બર : 2025

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

# કુલપતિશ્રીની કલમે...



'જ્ઞાનગંગા' જુલાઈ-સપ્ટેમ્બર-2025ના ત્રિ-માસિક અંકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું પ્રવૃત્તિ-વૈવિધ્ય અને સક્રિયતાથી પ્રસન્નતા અનુભવાય છે.

રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિષ્ઠિત હિંદુ શિક્ષણ બોર્ડ સાથે સંયુક્ત ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં હિન્દુ સ્ટડીઝ સંદર્ભે 'રાષ્ટ્રીય સઘન તાલીમ કાર્યશાળા'ના પાંચ દિવસના વિવિધ અભ્યાસસત્રનો સહભાગી સર્વને લાભ મળ્યો. દેશના વિવિધ પ્રાંતના અભ્યાસથીઓની વિદ્યાલક્ષી સક્રિયતા અને વ્યાખ્યાનોથી કાર્યશાળા સભર રહી. હિન્દુ બોર્ડના અધ્યક્ષ પ્રો. નચિકેતા તિવારી, સ્વામી પરમાત્માનંદજી, ઓર્ગેનાઇઝરના સંપાદકશ્રી પ્રફુલ્લ કેતકરજી આદિના સાનિધ્યમાં શરૂ થયેલા પાંચ દિવસની કાર્યશાળા અધ્યાપકો અને હિન્દુ સ્ટડીઝના જિજ્ઞાસુઓ માટે લાભપ્રદ રહી. ત્રણ માસના આ સમયગાળામાં મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજેલ 'આંતરરાષ્ટ્રીય ધર્મ-ધમ્મ પરિષદ' અંતર્ગત 20 જેટલા દેશનાં સહભાગી વિદ્વાનોની ઉપસ્થિતિ અને સઘન વિમર્શના ત્રણ દિવસ જ્યોતિર્મય પરિસર માટે યાદગાર સંભારણું બની રહ્યા. ઈન્ડિયા ફાઉન્ડેશનના અગ્રણી શ્રી રામ માધવજી, ભારતના કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, ભૂટાનના શાહી સરકારના ગૃહમંત્રી શ્રી. ઈ. ત્શેરિંગ, મોરેશિયસના કલા અને સંસ્કૃતિ મંત્રી મહેન્દ્ર ગોંદિયા તથા દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ત્રિ-દિવસીય ચિંતન-અભ્યાસ-રજૂઆત શૈક્ષણિક ઉપલબ્ધિના સુવર્ણ પૃષ્ઠ સમાન અનુભવાઈ.

NEP – 2020ના પાંચ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે યુનિવર્સિટીના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજાયા. 'ગ્રેજ્યુએટ એમ્પ્લોયેબિલિટી', સ્ટુડન્ટ સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ, સંસ્કૃત સપ્તાહ, ભાસ રચિત 'કર્ણભાર' નાટકનું સંસ્કૃત ભાષામાં મંચન-પ્રસ્તુતિ, તથા સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રો. વિજય પંડ્યાનું 'રામાયણ' પર વક્તવ્ય, સિનિયર સિટીઝન લાઈફ લોંગ લર્નિંગ ક્લબ તથા ભારતેન્દુ હરીશચંદ્ર જયંતીની ઉજવણી -જેવા કાર્યક્રમોથી પરિસર સતત ધબકતું રહે છે.

જ્ઞાનપીઠ પુરસ્કૃત કવિ શ્રી ઉમાશંકર જોશીના જન્મદિનને 'દુર્ગા' એકાંકીનું વાચિકમ થયું એ પણ પ્રસ્તુતિની દૃષ્ટિએ સાર્થક ઉજવણીનો યાદગાર અનુભવ રહ્યો. અમદાવાદની મધ્યસ્થ જેલમાં જેલના વડા ડી.જી.પી. શ્રી એલ. એન. રાવ આદી અધિકારીઓની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીના ઉપક્રમે જેલના બંદીવાનો દ્વારા 'વ્યસનમુક્તિ' અંગે ભજવાયેલ નાટ્યપ્રસ્તુતિની પ્રશંસા થઈ. સુધારાલક્ષી રચનાત્મક પ્રયોગોનું સ્વાગત છે. અનેકવિધ ઉપક્રમોની સમાંતરે કલોલ તાલુકામાં આવેલા દંતાલી ગામમાં 'હર ઘર તિરંગા'નો કાર્યક્રમ તથા યુનિવર્સિટી પરિસરમાં, પુસ્તકાલયમાં સ્વતંત્રતાની ચળવળ અંગેનાં પુસ્તકોનું પ્રદર્શન યોજાયું. જિજ્ઞાસુઓને આ અંકમાં સમાવેશ થયેલ અહેવાલની સમૃદ્ધિથી યુનિવર્સિટી પરિવારની રચનાત્મક સક્રિયતાનો વિવેકપૂર્ણ હિસાબ મળશે. યુનિવર્સિટીમાં શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની અવિરત શૃંખલા ચાલતી રહે છે. સકારાત્મક ઊર્જાથી દરેક કામ થઈ રહ્યા છે એ બદલ પ્રસ્તાવના વ્યક્ત કરું છું.. સૌનો સાથ સૌનો વિકાસ' સૂત્રની સાર્થકતા સમાન સમગ્ર યુનિવર્સિટી પરિવારની સહિયારી સફળતાનો આનંદ છે. સૌને શુભેચ્છા...

પ્રો. અમી ઉપાધ્યાય
કુલગુરુ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

## (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી)

**તારીખ: 10 જુલાઈ, 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)માં દર વર્ષની પરમ્પરા અનુસાર ગુરુપૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના એક્સ્ટેન્શન વિભાગ અને મૂવી ક્લબ દ્વારા કરવામાં આવ્યું હતું.**

**આ ઉજવણીમાં યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સૌએ ગુરુ પ્રત્યે પોતાનો આદરભાવ અભિવ્યક્ત કર્યો.**





## (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પાંચ દિવસીય 'રાષ્ટ્રીય સઘન તાલીમ કાર્યશાળા'નો પ્રારંભ)

**તારીખ: 15 જુલાઈ, 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને હિન્દુ શિક્ષણ બોર્ડ ના સંયુક્ત ઉપક્રમે તા. 15 થી 19 જુલાઈ, 2025 દરમિયાન આયોજિત "પાંચ દિવસીય રાષ્ટ્રીય સઘન તાલીમ કાર્યશાળા" ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયો. જેમાં ભારતના વિવિધ રાજ્યોના હિન્દુ સ્ટડીઝના શોધાર્થીઓ અને પ્રાધ્યાપકોએ હિન્દુ ધર્મમાં સંશોધન અને સંવાદ કર્યો.**

**ઉદ્ઘાટનસત્રમાં મુખ્ય વક્તા શ્રી પ્રફુલ્લ કેતકરજી (સંપાદક, ઓર્ગેનાઈઝેર પત્રિકા) એ આત્મબોધ વિશે વિસ્તૃત પ્રકાશ પાડ્યો. મુખ્ય અતિથિ શ્રી સ્વામી પરમાનંદ સરસ્વતીજી (આર્ષ વિદ્યામંદિરના સંસ્થાપક)એ હિન્દુ ધર્મના સૈદ્ધાંતિક પાયા પર વિશ્લેષણ કર્યું. યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીએ પ્રેરક ઉપસ્થિતિ આપી અને સંદેશો પાઠવ્યો કે વિવિધ ક્ષેત્રના વિદ્યાર્થીઓ પણ હિન્દુ ધર્મ પ્રત્યે વધારે જાગૃત થાય. શ્રી પ્રો. નચિકેતા તિવારી (હિન્દુ એજ્યુકેશન બોર્ડના અધ્યક્ષ)એ હિન્દુ સ્ટડીઝના અભ્યાસક્રમની વર્તમાન સમયમાં ઉપયોગિતા જણાવી.**

**આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય હિન્દુ ધર્મના સિદ્ધાંતો, હિન્દુ ધર્મની વિવિધ શાખાઓ, વિવિધતામાં એકતા, નારીવાદ, પ્રમાણ અને વિજ્ઞાન, આધ્યાત્મિક મૂલ્યો, 'હિન્દુ' એક જીવન, પાશ્ચાત્ય સંસ્કૃતિ, હિન્દુ સંસ્કૃતિના મૂલ્યો, ષડ્દર્શન, આત્મબોધ જેવા વિષયો પર ચર્ચા કરવાનો છે. ઉપરાંત, હિન્દુ સ્ટડીઝના અભ્યાસક્રમમાં વધારે લોકો જોડાય, હિન્દુ સ્ટડીઝના અભ્યાસ જીવનના આચરણમાં આવે તથા વિવિધ ક્ષેત્રના વિદ્યાર્થીઓ હિન્દુ સિદ્ધાંતથી પરિચિત થાય તેવા લક્ષ્યો નિર્ધારિત કર્યા.**

પાંચ દિવસીય આ ફેકલ્ટી ડેવલપમેન્ટ વર્કશોપ અંતર્ગત હિન્દુ સ્ટડીઝ અભ્યાસક્રમ નિમિત્તે શૈક્ષણિક રીતે સૈદ્ધાંતિક ચર્ચા થાય અને સમગ્ર કાર્યશાળાના મંથનને અંતે ઉદાહરણરૂપ અભ્યાસસામગ્રી તૈયાર કરવાનો આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ વિદ્યાર્થીઓને ઉપયોગી થશે તેવી આશા કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી એ વ્યક્ત કરી.

કાર્યક્રમના ઉદ્ઘાટનસત્રમાં સ્વાગત વક્તવ્ય ડૉ. યોગેન્દ્ર પારેખ (નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)એ આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી શુભમભાઈ તિવારીએ કર્યું અને આભાર લાગણી શ્રી સૌરભભાઈ ત્રિપાઠી દ્વારા વ્યક્ત થઈ. પાંચ દિવસની આ કાર્યશાળામાં ભારતભરના વિવિધ રાજ્યોના તજજ્ઞો ભાગ લેશે. આજના પ્રથમ દિવસના સત્રમાં હિન્દુ ધર્મના જિજ્ઞાસુઓ, શોધાર્થીઓ, વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા.








# (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'વંદે માતરમ્'ની સાર્ધ શતાબ્દીની ભવ્ય ઉજવણી)

તારીખ: 15 જુલાઈ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) મુકામે રાષ્ટ્રના ગૌરવ ગીત "વંદે માતરમ્" નાં 150 વર્ષ પૂર્ણ થતાં તેની સાર્ધ શતાબ્દી ની ઉજવણી કરવામાં આવી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા.

દેશનાં ગૌરવ ગીત 'વંદે માતરમ્' નાં 150 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી પ્રસંગે રાજ્યનાં વિવિધ શહેરોમાં 'વંદે માતરમ્' સપ્તાહની યાત્રાની ઉજવણીની શરૂઆત કરવામાં આવી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રાષ્ટ્રધર્મપ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના કશ્યપ સભાગૃહ ખાતે "વંદે માતરમ્" રચના વિશે શોધયાત્રાની અસરકારક રજૂઆત થઈ.

આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજી, પુણેથી સંશોધક મિલિંદ સબનીસ, રાષ્ટ્રધર્મ

પ્રતિષ્ઠાનના પ્રમુખ શ્રી હર્ષદ યાજ્ઞિક અને મહામંત્રી ઋત્વિબેન પટેલ, તેમજ ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના ડૉ. હિતેશભાઈ પટેલ તથા પ્રા. ચિરાયુ પંડિત ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિદ્યાલક્ષી વિવિધ કામગીરી વિશે દસ્તાવેજી માહિતી આપવામાં આવી.

રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ આ ગૌરવ ગીત 'વંદે માતરમ્'ની રચના 1875માં કરી હતી. વંદે માતરમ્ માત્ર એક ગીત નથી, તે રાષ્ટ્રને એક તારમાં પરોવનાર સંદેશ છે. આ ગીતના ઈતિહાસ તેમજ મહત્ત્વ વિશે સંશોધક મિલિંદ સબનીસની ટીમ દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પ્રદર્શન દ્વારા અસરકારક અભિવ્યક્તિ કરવામાં આવી. આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો સમગ્ર વિદ્યાપરિવાર જોડાયો.









# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયનું ગાંધીજીની 'નઈ તાલીમ' પર વક્તવ્ય

**તારીખ: ૧૯ જુલાઈ, ૨૦૨૫**

અમદાવાદ ખાતે ૧૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) ૨૦૨૦ના ૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે, ગ્રામભારતી અમરાપુર ખાતે મોતીભાઈ ચૌધરી સ્મૃતિ વ્યાખ્યાનના ભાગ રૂપે "નઈ તાલીમ અને નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) ૨૦૨૦" શીર્ષક હેઠળ NEP ૨૦૨૦માં મોટાભાગની મુખ્ય પ્રવાહની શિક્ષણ ફિલસૂફીઓ અને ઘટકોની શ્રેષ્ઠ બાબતોનો અસરકારક રીતે સમાવેશ કરવામાં આવ્યો છે, એ બાબતના ઉલ્લેખથી વ્યાખ્યાનનો પ્રારંભ થયો. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી, જ્ઞાનપીઠ અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા લેખક ડૉ. રઘુવીરજી ચૌધરી, કવિ માધવ રામાનુજ, સંસ્થાના ટ્રસ્ટી અને નિયામક શ્રી અમૃતભાઈ પટેલ, સૃષ્ટિ ફાઉન્ડેશનના શ્રી રમેશ પટેલ અને વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં હાજર રહેલા વિદ્યાર્થીઓ અને કર્મચારીગણે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સમાવિષ્ટ ગાંધીમૂલ્યો વિશે રસપ્રદ વક્તવ્ય સાંભળ્યું. વક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા સ્થળોની મુલાકાત લેવાથી ખાતરી થાય છે કે ગાંધીને કોઈ ગોળી ક્યારેય મારી શકશે નહીં. ચર્ચા દરમિયાન, અમીબહેને સર્વગ્રાહી શિક્ષણ (Holistic Education) જેવા મુખ્ય મુદ્દાઓ આવરી લીધા હતા, ગાંધીજીની નઈ તાલીમ શારીરિક, બૌદ્ધિક અને નૈતિક વિકાસ સહિત સર્વગ્રાહી ઘડતરના મહત્ત્વ પર ભાર મૂકે છે. જે NEP ૨૦૨૦ના સર્વગ્રાહી બહુ-શિસ્ત શિક્ષણ અને સમગ્ર વિકાસ પરના લક્ષ્ય સાથે સુસંગત છે. ગાંધીજીના શિક્ષણના વિઝન અને NEP ૨૦૨૦ના કેટલાક મુખ્ય ઘટકોમાં પ્રતિબિંબિત થયેલા સિદ્ધાંતો વચ્ચેના જોડાણોની શોધ કરવાની આ એક ઉત્તમ તક હતી. પ્રો. અમી ઉપાધ્યાયે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં જીવનલક્ષી બુનિયાદી તાલીમના સમાવેશનો ભારપૂર્વક ઉલ્લેખ કર્યો.





> દેશ વ્યક્તિ કરતાં મહાન છે. એક વ્યક્તિ ગમે તેટલી મોટી હોય તો પણ તે દેશ આગળ તો નાની જ છે. દેશની રક્ષા માટે હું બધું જ ત્યાગ કરવા તૈયાર છું.
>
> – ડૉ. બાબાસાહેબ આંબેડકર

 

# અમદાવાદ મધ્યસ્થ જેલમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સહયોગથી 'વ્યસન મુક્તિ' નાટકની પ્રસ્તુતિ

તારીખ: 19 જુલાઈ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના સહયોગથી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે જેલના બંદીવાન ભાઈઓ દ્વારા 'વ્યસન મુક્તિ' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી ના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન તા. 18 જુલાઈ, 2025 ના રોજ બપોરે 12:00 કલાકે થયું.

આ કાર્યક્રમમાં જેલના માનનીય વડા ડૉ. કે. એલ. એન. રાવ; DGP સાહેબશ્રી, શ્રીમતી ડૉ. પ્રો. ઈન્દુ રાવ (શિક્ષણ વિદ), IGP શ્રી અશ્વિન ચૌહાણ સાહેબ, અધિક્ષકશ્રી ડૉ. નિધિ ઠાકુર સાહેબ, તેમજ BAOUના બોર્ડ મેમ્બર અને નિયામકશ્રી પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસ, આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. નિગમ પંડ્યા તથા આસિસ્ટન્ટ પ્રોફેસર પરફોર્મિંગ આર્ટ્સ શ્રી દિગીશ વ્યાસ હાજર રહ્યા. આ ઉપરાંત, DLSA અમદાવાદ ગ્રામ્યના સેક્રેટરીશ્રી એમ. આર. પટેલ, પ્રોજેક્ટ ઓફિસર શ્રી બી. એસ. ગઢવી SLSA; શાહીબાગ, અમદાવાદ પણ ઉપસ્થિત રહ્યા.

'વ્યસન મુક્તિ' નાટકની અસરકારક પ્રસ્તુતિ

બંદીવાન કલ્યાણની પ્રવૃત્તિઓ અન્વયે BAOUના સહયોગથી જેલના બંદીવાન ભાઈઓ દ્વારા 'વ્યસન મુક્તિ' ઉપર નાટક પ્રસ્તુત કરાયું. તેના દિગ્દર્શક BAOUના આસિસ્ટન્ટ પ્રોફેસર પરફોર્મિંગ આર્ટ્સ શ્રી દિગીશ વ્યાસ હતા. નાટકમાં બંદીવાનો દ્વારા વ્યસનથી તેમના પરિવાર પર તેમજ શારીરિક તકલીફોને જુદા જુદા કલાત્મક દૃશ્યો દ્વારા રજૂ કરવામાં આવી. આ પ્રસ્તુતિથી બંદીવાનોને વ્યસન મુક્તિ અંગે જાગૃત કર્યા. મહેમાનોએ તેમજ જેલના બંદીવાનોએ સમગ્ર નાટકને સુંદર રીતે માણ્યું.

એક બંદીવાન કલાકારે જણાવ્યું કે, નાટકના સમગ્ર રિહર્સલ દરમિયાન તેઓ માનસિક તણાવથી દૂર રહ્યા. તેમણે કહ્યું કે, "એક નવી જ દુનિયામાં પ્રવેશ કર્યો અને જાણે મેડિટેશનની પ્રક્રિયા હોય તેમ ખૂબ સુંદર સફર સાથે પૂરી મહેનત સાથે અમે રિહર્સલ કર્યું, ખૂબ મઝા આવી." તેમણે ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો કરવાનો અવસર મળે તેવી આશા વ્યક્ત કરી. આવા કાર્યક્રમોથી સારી વર્તણૂક દ્વારા જેલના કેદીઓની સજા પણ ઓછી થાય છે. મહેમાનોએ અને બંદીવાન પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી કલાકારોનો ઉત્સાહ વધાર્યો.

સર્વ કલાકારોને પ્રમાણપત્ર અને ભેટ આપી પુરસ્કૃત કરાયા. DGP સાહેબે નાટકમાં કલાકારોના અભિનયથી ખુશ થઈને જણાવ્યું કે તેઓ નાટ્ય અને ફિલ્મ ક્ષેત્રે પણ ઉજ્જવળ ભવિષ્ય/કારકિર્દી બનાવી શકે તેમજ આર્થિક રીતે પગભર થઈ શકે છે. તેમણે આને એક નવી દિશા ગણાવી.

ત્યાર બાદ, ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા બંદીવાનોને પુરસ્કૃત કરવામાં આવ્યા. ડૉ. પ્રિયાંકી વ્યાસે બંદીવાન ભાઈઓને આગળના અભ્યાસ માટે BAOUના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈને ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની માહિતી આપી.

DGP સાહેબશ્રીએ જાહેરાત કરી કે દર વર્ષે 8 અને 9 ઓગસ્ટના રોજ જેલમાં બંદીવાનો દ્વારા કલ્ચરલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. તેમણે આશા વ્યક્ત કરી કે આ કાર્યક્રમમાં તેમજ ભવિષ્યમાં પણ BAOUનો સહયોગ મળશે અને સાથે મળીને બંદીવાનોના ઉત્થાન માટે નાટક તેમજ અન્ય સુંદર, ઉપયોગી અને સરાહનીય કાર્યો થઈ શકે. જેલ અધિકારીઓએ કાર્યક્રમ યોજવામાં સંપૂર્ણ સહયોગ આપવા બદલ BAOUનો આભાર માન્યો. સાબરમતી જેલના વડાએ માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન અને મંજૂરી બદલ ખાસ આભારની લાગણી વ્યક્ત કરી, જેઓ હંમેશા વિદ્યાર્થી અને સમાજ ઉપયોગી કાર્યક્રમો માટે પ્રેરણા તેમજ પ્રોત્સાહન આપે છે. જેલ અધિકારીઓ તથા BAOUના પ્રતિનિધિઓએ ઉમદા હેતુ માટે યોજાયેલ કાર્યક્રમ બદલ પ્રસન્નતા વ્યક્ત કરી.













# 'રાષ્ટ્રીય સઘન તાલીમ કાર્યશાળા'નું સફળ સમાપન સત્ર

**તારીખ: 19 જુલાઈ, 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને હિન્દુ શિક્ષણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે તા. 15 થી 19 જુલાઈ, 2025 દરમિયાન આયોજિત "પાંચ દિવસીય રાષ્ટ્રીય સઘન તાલીમ કાર્યશાળા" નો સમાપન સમારોહ આજ રોજ, 19 જુલાઈ, 2025, શનિવારના રોજ યોજાયો.**

**પાંચ દિવસની આ કાર્યશાળામાં ડૉ. નચિકેતા તિવારી, ડૉ. રામનાથ જ્હા, ડૉ. પ્રશાંત ધર્માધિકારી, ડૉ. પ્રેરણા મલ્હોત્રા, ડૉ. સદાશિવ કુમાર દ્વિવેદી, ડૉ. વી. રામનાથન, આદિ તજજ્ઞો દ્વારા વિવિધ વિષયોનું વિશ્લેષણ કરવામાં આવ્યું. તજજ્ઞોએ તેમના વિવિધ વિષયના વક્તવ્યોનું યુનિવર્સિટીના સ્ટુડિયોમાં રેકોર્ડિંગ પણ કરાવ્યું.**

**આ પાંચ દિવસીય કાર્યશાળામાં હિન્દુ સ્ટડીઝ પર ગહન ચર્ચા થઈ. જેમાં મુખ્યત્વે ભારતીય જ્ઞાનનું મોડલ અને પ્રમાણની વ્યાખ્યા, નારીવાદ, પદાર્થ અને તત્વ, ષડ્ પ્રમાણ, સ્વાર્થ અને પરાર્થ અનુમાન, શ્રવણ વિધિ દ્વારા તાત્પર્ય, સ્ત્રીવિમર્શ, પ્રમાણ અને નેચરલ સાઈન્સ, વાદ-વિવાદ-જલ્પ-વિતણ્ડ, ક્લાસિકલ માર્કસીઝમ અને વર્ચસ્વ, શબ્દ શક્તિ (અભિધા-લક્ષણા-વ્યંજના અને તાત્પર્ય), ફ્રેન્કફર્ટ સ્કૂલની ક્રિટિકલ થિયરી, હિન્દુ, હિન્દુત્વ, શાસ્ત્રાર્થ અને સંશયથી નિર્ણયની પ્રક્રિયા, શક્તિ અને પ્રકૃતિ, વર્ણ જાતિ અને કાસ્ટ, ક્વિર થિયરી, અને જ્ઞાનનું સંગઠન (સૂત્ર, વાર્તિક, ભાષ્ય), એકાત્મભાવ વગેરે જેવા વિષયોની ગહન ચર્ચા કરવામાં આવી, જેના થકી શોધાર્થીઓના સંશયો દૂર થયા.**

**સમાપન સમારોહમાં શ્રી પ્રો. નચિકેતા તિવારી એ હિન્દુ સ્ટડીઝ વિવિધ ક્ષેત્રના વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું.**

**સમાપન સત્રમાં નિયામકશ્રી ડૉ. યોગેન્દ્ર પારેખે કાર્યશાળામાં સહભાગી થયેલા સમગ્ર દેશમાંથી આવેલા સહભાગીઓની સક્રિયતાની આભારપૂર્વક નોંધ લીધી. તેમણે પાંચ દિવસીય કાર્યશાળાની સફળતા બદલ ધન્યતા વ્યક્ત કરી. સહભાગી અધ્યાપકો દ્વારા પ્રતિભાવ વ્યક્ત કરાયો કે આ કાર્યશાળાથી હિન્દુ સ્ટડીઝ અભ્યાસને સમગ્ર દેશમાં ગતિ મળશે.**








## કવિ શ્રી ઉમાશંકર જોશીની 115મી જન્મજયંતિ નિમિત્તે "દુર્ગા" એકાંકીનું વાચિકમ્

તારીખ: 21 જુલાઈ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ના ગુજરાતી વિભાગ દ્વારા કવિ શ્રી ઉમાશંકર જોશીની 115મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે, તેમના પ્રસિદ્ધ એકાંકી "દુર્ગા"નું વાચિકમ્ (Dramatic Reading) યોજવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના પ્રાધ્યાપકોની ટીમે આ વાચિકમમાં વિવિધ પાત્રો ભજવ્યાં હતાં, હરનાથ: પ્રો. યોગેન્દ્ર પારેખ, દુર્ગા: પ્રા. હેતલ જોષી, બિહારી: ડૉ. રજની પરમાર, કથક: પ્રા. દિગીશ વ્યાસ અને કાર્યક્રમની ભૂમિકા ડૉ. નીતુ કનારા દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

આ આયોજનથી કવિશ્રી ઉમાશંકર જોશીના સાહિત્યિક વારસાને જીવંત રાખવાનો અને વિદ્યાર્થીઓ સમક્ષ સાહિત્યિક કૃતિઓને અસરકારક રીતે રજૂ કરવાનો યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય સાર્થક થયો હતો.



# BAOU માં દિવ્યાંગ બાળકો દ્વારા તૈયાર કરાયેલી રાખડીઓનું પ્રદર્શન-કમ-સેલ યોજાયું

તારીખ: 29 જુલાઈ, 2025

અમદાવાદ: રાષ્ટ્રીય શિક્ષા નીતિ 2020 અંતર્ગત સંમિલિત શિક્ષણને પ્રોત્સાહન મળે તેમજ યુનિવર્સિટીના પરિવારજનોમાં દિવ્યાંગતા પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) માં વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં ચાલતા અત્રિ સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર દ્વારા આગામી રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને નવજીવન મનો-દિવ્યાંગ બાળકોની સંસ્થાના સહયોગથી દિવ્યાંગ બાળકો દ્વારા તૈયાર કરાયેલી રાખડીઓનું પ્રદર્શન-કમ-સેલ (Exhibition-cum-Sale)નું આયોજન કરવામાં આવ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દિવ્યાંગજનો સમાજમાં માનભેર જીવન જીવી શકે તેમજ તેમના પુનર્વસન માટેના સજાગ પ્રયત્નના ભાગરૂપે હંમેશાં આ પ્રકારના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે.

આ કાર્યક્રમની એક વિશેષતા એ રહી કે તેનું દીપ પ્રાગટ્ય દિવ્યાંગ બાળકો દ્વારા જ કરાવવામાં આવ્યું. દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી યુનિવર્સિટીના સૌ પરિવારજનોએ પોતાની રીતે વિવિધ વસ્તુઓ ખરીદી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા.





યુવાનીની વૃદ્ધા અવસ્થા પહેલાં, તંદુરસ્તીની બીમારી પહેલાં, સમૃદ્ધિની નાદારી પહેલાં, ફુરસદની વ્યસ્તતા પહેલાં અને જીવનની મૃત્યુ પહેલાં કદર કરો.

– ડૉ. બાબાસાહેબ આંબેડકર








# હરિયાણામાં આયોજિત 'ઈન્ટર સ્ટેટ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ-2025'માં BAOUના વિદ્યાર્થીઓએ ગુજરાતનું ગૌરવ વધાર્યું

તારીખ: 30 જુલાઈ, 2025

અમદાવાદ: એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમ અંતર્ગત "ઈન્ટર સ્ટેટ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ-2025"નું આયોજન હરિયાણા સરકાર દ્વારા કુરુક્ષેત્ર, હરિયાણા ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સમગ્ર ભારતમાંથી લગભગ 900 જેટલા યુવાનોને પોતાના રાજ્યની સંસ્કૃતિ, લોકસંગીત, લોકનૃત્ય તથા PPT (પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન) અને ડિક્લેમેશન (વક્તવ્ય) દ્વારા રાષ્ટ્રકક્ષાએ પ્રદર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયો.

આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી ફક્ત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના બે વિદ્યાર્થીઓ — રાજવી કડિયા (દાહોદ) તથા અક્ષય ગરૈયા (રાજકોટ) - નું PPT અને ડિક્લેમેશન માટે રમતગમત અને યુવા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સિલેક્શન કરવામાં આવ્યું.

આ બંને વિદ્યાર્થીઓએ સમગ્ર ભારત સમક્ષ ગુજરાતની સંસ્કૃતિ, ઈતિહાસ અને આધુનિકતાને PPT તથા વક્તવ્ય દ્વારા અસરકારક રીતે રજૂ કરી, જેના થકી સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું. તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ હરિયાણા સરકાર દ્વારા તેમનું સન્માન પણ કરવામાં આવ્યું. માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજી, સ્ટુડન્ટ ડેવલપમેન્ટ વિભાગ તથા યુનિવર્સિટી પરિવાર તરફથી વિદ્યાર્થીઓ રાજવી કડિયા (દાહોદ) તથા અક્ષય ગરૈયા (રાજકોટ) ને "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત "ઈન્ટર સ્ટેટ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ-2025" માં ગુજરાતને ગૌરવ અપાવવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

વિદ્યાર્થીઓએ રાષ્ટ્રકક્ષાના આ કાર્યક્રમમાં સફળતાપૂર્વક પ્રદર્શન કરીને યુનિવર્સિટી અને રાજ્યનું નામ રોશન કર્યું, તે બદલ યુનિવર્સિટી પરિવારે તેમની સિદ્ધિને બિરદાવી.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નાં 5 વર્ષ પૂર્ણ થવાના સંદર્ભમાં 'ગ્રેજ્યુએટ એમ્પ્લોયેબિલિટી' વિષય પર BAOU દ્વારા એક દિવસીય વર્કશોપનું આયોજન

**તારીખ: 01 ઑગસ્ટ, 2025**

**અમદાવાદ:** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 શરૂ થવાને પાંચ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયજીનાં માર્ગદર્શન હેઠળ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. તેમાં યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાના નિયામકશ્રીઓ અને તમામ અધ્યાપકોએ હાજરી આપી. યુનિવર્સિટીનાં પ્રાદેશિક કેન્દ્રો ઉપર નિયુક્ત અધ્યાપકો પણ ઓનલાઈન માધ્યમથી આ વર્કશોપમાં જોડાયા.

આ વર્કશોપમાં CIQA ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. નીલેશ મોદી દ્વારા "Graduate Employability: A Strategic plan for HEI in India Empowering Graduates for future ready workforce" ઈશ્યૂ ઉપર બીજ વક્તવ્ય આપવામાં આવ્યું. આ ઉપરાંત, ડૉ. કૃતિ છાયા દ્વારા ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સંદર્ભમાં ગુજરાતના વિદ્યાર્થીઓ માટે કાર્યક્ષમતા નિર્માણ અને રોજગારપાત્રતા વિષેના વિચારો રજૂ કર્યા અને સંભવિત મુદ્દાઓની ચર્ચા કરી.

એક દિવસીય આ કાર્યશાળામાં દરેક સ્કૂલના નિયામકો પ્રો. યોગેન્દ્ર પારેખ, પ્રો. મનોજ શાહ, પ્રો. અજીતસિંહ રાણા, દ્વારા તેમની સ્કૂલનાં આયોજનની વિગતો રજૂ કરવામાં આવી. સમૂહ ચર્ચામાં ડૉ. નિગમ પંડ્યા અને ડૉ. અર્ચના મિશ્રા તથા અન્ય અધ્યાપકોએ ભાગ લીધો.

આ કાર્યક્રમનું આયોજન ડૉ. કૃતિ છાયા દ્વારા કરવામાં આવ્યું, જેને ડૉ. નંદવીર આહીરનો સહકાર મળ્યો.









# NEP 2020નાં 5 વર્ષની ઉજવણીના ભાગરૂપે BAOU દ્વારા "SSIP 2.0 પર સ્ટુડન્ટ સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ"નું આયોજન

**તારીખ: 02 ઑગસ્ટ, 2025**

**અમદાવાદ: રાષ્ટ્રીય શિક્ષા નીતિ (NEP) 2020નાં પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા વિવિધ વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. માનનીય કુલપતિશ્રી, પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનાં સતત માર્ગદર્શન તથા પ્રેરણા હેઠળ ISIICTL (Innovation, Start-ups, Internship, Incubation, Collaborations, Technology and Linkages)ના SSIP વિભાગ દ્વારા અમદાવાદ પ્રાદેશિક કેન્દ્ર (0001)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે "Student Sensitization Program on SSIP 2.0" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**

**આ કાર્યક્રમમાં ISIICTLના નિયામકશ્રી, પ્રો. (ડૉ.) મનોજ શાહે અધ્યક્ષીય ઉદ્બોધન આપ્યું. તેમણે વિદ્યાર્થીઓને ગુજરાત સરકારે શરૂ કરેલ SSIP 2.0 (Student Start-up and Innovation Policy) પહેલ વિશે તેમજ સ્ટાર્ટઅપ અંતર્ગત આપવામાં આવતી ગ્રાન્ટ વિશે માહિતગાર કર્યા. તેમણે આ ગ્રાન્ટ મેળવવાની પાત્રતા અને તેની સમગ્ર પ્રક્રિયા વિશે પણ માહિતી આપી.**

**કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે C.A. માર્મિક શાહ ઉપસ્થિત રહ્યા. તેમણે સ્ટાર્ટઅપ અને ઇનોવેશન વિશે વિદ્યાર્થીઓને પોતાના વિચારોથી પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC) સુધી કેવી રીતે પહોંચવું તે સંદર્ભે વાસ્તવિક ઉદાહરણો દ્વારા માહિતી પૂરી પાડી.**

**આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને સ્ટાર્ટઅપ તથા ઇનોવેશનને લગતા પોતાના વિચારો રજૂ કર્યા. કાર્યક્રમના અંતે, તજજ્ઞશ્રી તથા નિયામકશ્રી દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉકેલ માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.**





# સંસ્કૃત સપ્તાહ મહોત્સવનો શુભારંભ: યુનિવર્સિટી પરિવાર દ્વારા સ્ત્રોતગાન

**તારીખ: 06 ઓગસ્ટ, 2025**

**અમદાવાદ: સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નાં અમલીકરણનાં સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ તા. 06/08/2025થી 13/08/2025 દરમિયાન સંસ્કૃત અને ભારતીય જ્ઞાન-પરંપરા વિભાગ દ્વારા આ કાર્યક્રમોની શૃંખલા શરૂ થઈ, જેમાં તા. 06/08/2025ના રોજ સ્ત્રોતગાનનું આયોજન કરાયું.**

**આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના દરેક વિદ્યાશાખાનાં નિયામકશ્રી તથા અધ્યાપકો સહભાગી થયા. તેઓશ્રી દ્વારા ગણપત્યથર્વશીર્ષ, શિવ સ્તુતિ, નટરાજ સ્તુતિ, શ્રી સૂક્ત, સરસ્વતી સ્તુતિ, કૃષ્ણાષ્ટક, વિશ્વનાથાષ્ટક આદિ સ્ત્રોતનું ગાન કરવામાં આવ્યું. સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક ડૉ. વિનોદ માજીરાણાએ સંસ્કૃત મહોત્સવ નિમિત્તે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાન વિભાગના નિયામકશ્રી પ્રો. યોગેન્દ્ર પારેખે ભક્તામર સ્ત્રોતનું પઠન કર્યું.**

**સંસ્કૃત વિષયનાં પ્રાધ્યાપિકા ડૉ. પાયલ ચાવડાએ કાર્યક્રમના અંતે સૌનો આભાર વ્યક્ત કર્યો અને ભારતીય જ્ઞાન-પરંપરાના પ્રાધ્યાપક શ્રી શ્યામ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું.**





**चला लक्ष्मीश्चला: प्राणाश्चले जीवितमन्दिरे।**
**चलाचले च संसारे धर्म एको हि निश्चल:।।**

***

**धनहीनो न हीनश्च धनिक: स सुनिश्चय: ।**
**विद्यारत्नेन हीनो य: स हीन: सर्ववस्तुषु ॥**

## BAOUના સંસ્કૃત સપ્તાહમાં સંસ્કૃત ગરબા અને સાંસ્કૃતિક વસ્ત્રપરિધાનનું આયોજન

તારીખ: 07 ઑગસ્ટ, 2025

અમદાવાદ: સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નાં અમલીકરણનાં સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ દ્વારા વિવિધ કાર્યક્રમોની શૃંખલા યોજાઈ રહી છે. માનનીય કુલગુરુ પ્રો.અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ તા. 06/08/2025થી 13/08/2025 દરમિયાન સંસ્કૃત અને ભારતીય જ્ઞાન-પરંપરા વિભાગ દ્વારા આયોજિત આ મહોત્સવમાં તા. 07/08/2025ના રોજ સંસ્કૃત ગરબા અને વિવિધ વસ્ત્રપરિધાનનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના દરેક વિદ્યાશાખાનાં નિયામકશ્રી તથા અધ્યાપકો સહભાગી થયા. સૌ અધ્યાપકોએ વિવિધ પ્રાદેશિક વસ્ત્રપરિધાન (કોસ્ચ્યુમ)માં સજ્જ થઈને સંસ્કૃત ગરબાના તાલ સાથે ગરબે રમીને સાંસ્કૃતિક ઉત્સાહ વ્યક્ત કર્યો.





## સંસ્કૃત સપ્તાહમાં સંસ્કૃત અને ભારતીય જ્ઞાન-પરંપરાના ગ્રંથોનું ભવ્ય પ્રદર્શન

તારીખ: 08 ઑગસ્ટ, 2025

અમદાવાદ: સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નાં અમલીકરણનાં સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થવાનાં સંદર્ભે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી(BAOU), અમદાવાદ દ્વારા માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીનાં માર્ગદર્શન હેઠળ તા. 06/08/2025થી 13/08/2025 દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તા. 08/08/2025ના રોજ યુનિવર્સિટીના વિવેકાનંદ ગ્રંથાલયમાં સંસ્કૃત, ભારતીય જ્ઞાન-પરંપરા અને હિન્દુ સ્ટડીઝના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું. આ સાથે "વાલ્મીકિ રામાયણમાં વાલીવધ પ્રસંગ: એક સમીક્ષા" વિષય પર ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક પ્રો. વિજય પંડ્યાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજી તથા આજના મહેમાન વક્તા પ્રો. વિજય પંડ્યાએ પુસ્તક પ્રદર્શનની મુલાકાત લીધી અને પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી. કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીએ સંસ્કૃતના અધ્યાપકો સમક્ષ રામાયણ વિશે પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવા વિશેની લાગણી વ્યક્ત કરી. પ્રો. વિજય પંડ્યાએ સંસ્કૃત ભાષાની પ્રાચીન ટીકાનું દર્શન કરીને આનંદ અનુભવ્યો. ગ્રંથપ્રદર્શનીમાં ચાર વેદ, અઢાર પુરાણ, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ગીતા, પાંચ મહાકાવ્ય, વ્યાકરણ, સાહિત્ય, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા, વેદાંત (અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિ સંપ્રદાય), નાટ્યશાસ્ત્ર, જ્યોતિષ અને વાસ્તુ આદિ શાસ્ત્રોના લક્ષણગ્રંથો, ટીકા અને ભાષ્ય વગેરેનું વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપકોએ રસપૂર્વક અવલોકન કર્યું. આ કાર્યમાં સંસ્કૃતભારતી સંસ્થાએ પ્રદર્શની માટે બેનરનો સહયોગ કર્યો.

‘વાલીવધ પ્રસંગ’ પર અભ્યાસપૂર્ણ સમીક્ષા: પ્રદર્શિની પછી “વાલ્મીકિ રામાયણમાં વાલીવધ પ્રસંગ: એક સમીક્ષા” વિષય પર ગૌતમ સભાગૃહમાં પ્રો. વિજય પંડ્યાનું વક્તવ્ય યોજાયું. પ્રારંભે માનવવિદ્યા અને સમાજશાસ્ત્ર વિભાગના નિયામકશ્રી પ્રો. યોગેન્દ્ર પારેખે વક્તાનો પરિચય આપી સ્વાગત વક્તવ્ય કર્યું. પ્રો. વિજય પંડ્યાએ વાલ્મીકિ રામાયણનો વાલીવધ પ્રસંગ, રામાયણની વિભિન્ન ટીકામાં વાલીવધ પ્રસંગનાં મતમતાંતર વગેરે વિષય પર અભ્યાસપૂર્ણ સમીક્ષા કરી રસપ્રદ વક્તવ્ય આપ્યું.કાર્યક્રમના અંતે સંસ્કૃત વિભાગ દ્વારા યુનિવર્સિટીના દરેક વિદ્યાશાખાનાં નિયામકશ્રી તથા અધ્યાપકોને સંસ્કૃત સપ્તાહ મહોત્સવ નિમિત્તે સંસ્કૃતભારતીનાં "संस्कृत वदतु" અને "संस्कृतव्यवहारसाहस्त्री" એ બે પુસ્તકો સ્મૃતિભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં. ભારતીયજ્ઞાનપરંપરા વિષયના પ્રાધ્યાપક શ્રી જૈમિન દવેએ સૌનો આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ભારતીય જ્ઞાનપરંપરા વિષયના પ્રાધ્યાપક શ્રી વિવેક સાખીએ કર્યું.





## “વાલ્મીકિ રામાયણમાં વાલીવધ પ્રસંગ: એક સમીક્ષા” પ્રો. વિજય પંડ્યાનું વ્યાખ્યાન








## શ્રી સતીશ વ્યાસ સાથે 'સર્જકની આંતરકથા' અંતર્ગત પ્રત્યક્ષ સંવાદ યોજાયો

તારીખ: 12 ઑગસ્ટ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના ઉપક્રમે ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જકો સાથે સંવાદ અંતર્ગત 'સર્જકની આંતરકથા' શ્રેણીનું આયોજન કરવામાં આવે છે.

યુનિવર્સિટીના માનનીય કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ ચૈતન્ય સ્ટુડિયો, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે જાણીતા સર્જક શ્રી સતીશ વ્યાસ સાથે પ્રો. યોગેન્દ્ર પારેખે પ્રત્યક્ષ સંવાદનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં શ્રી સતીશ વ્યાસે તેમના સર્જનની આંતરકથા, અનુભવો અને સાહિત્યિક કેફિયત રજૂ કરી.સતીશ વ્યાસ એકવીસમી સદીની પ્રથમ પચ્ચીસીના પ્રશિષ્ટ નાટ્યકાર તરીકે પ્રતિષ્ઠિત છે.સમર્થ નાટ્યકાર, વિવેચક , અધ્યાપક તરીકેની સુદીર્ઘ ,સાર્થક જીવનયાત્રાનો રસપ્રદ અહેવાલ આ સંવાદની ફળશ્રુતિગણાય. સૌજન્યશીલ સારસ્વત સતીશભાઈની અવિરામ સાહિત્યિક નિસબત અને સર્જનશીલ સ્વાધ્યાય તપ વિશે સર્વથા ઉપયોગી સંવાદ સૌને માટે baou ની youtube ચેનલ ઉપર ઉપલબ્ધ છે.

# BAOU ના એક્સ્ટેન્શન એક્ટિવિટી વિભાગ દ્વારા દત્તક ગામ દંતાલીમાં "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરાયું

**તારીખ: 14 ઑગસ્ટ, 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના એક્સ્ટેન્શન એક્ટિવિટી વિભાગ દ્વારા "હર ઘર તિરંગા" અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી દ્વારા દત્તક લેવાયેલા ગામ દંતાલી (તાલુકો કલોલ, જિલ્લો ગાંધીનગર) ખાતે તિરંગા યાત્રાનું આયોજન થયું.**

**તિરંગા યાત્રામાં યુનિવર્સિટીના વિદ્યાર્થી સહાય કેન્દ્ર શિવાશ્રમ નેચર ક્યોર સેન્ટરના ડૉ. જીતુભાઈ પંચાલ, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, દંતાલી પ્રાથમિક શાળાનાં બાળકો તેમજ ભૂતપૂર્વ સરપંચ પસીબેન ઠાકોર પણ ઉત્સાહથી જોડાયાં હતાં. આ તિરંગાયાત્રામાં સૌ ગ્રામજનોને તેમના ઘર, દુકાનો અને વ્યાવસાયિક સ્થળોએ ફરકાવવા માટે રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

**આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના અશોકભાઈ રાઠોડ, ડૉ. પ્રવીણ રાઠોડ, ડૉ. ઇશાની પટેલ, ડૉ. નીતુ કનારા તેમજ ડૉ. કૃતિ છાયાની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.**










## BAOUના સંસ્કૃત સપ્તાહમાં સંસ્કૃત કવિ ભાસરચિત 'કર્ણભાર' નાટકનું સફળ મંચન

અમદાવાદ: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020નાં અમલીકરણનાં સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ દ્વારા સંસ્કૃત સપ્તાહ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ તા. 06/08/2025 થી 13/08/2025 દરમિયાન સંસ્કૃત અને ભારતીય જ્ઞાન-પરંપરા વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા, જેમાં તા. 12/08/2025ના રોજ સંસ્કૃત કવિ ભાસરચિત 'કર્ણભાર' નાટકના એક દૃશ્યની અભિનય-પ્રસ્તુતિનું આયોજન કરવામાં આવ્યું.

આ નાટ્યમંચનમાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજી અને એમ. એસ. યુનિવર્સિટી વડોદરાના નાટ્યશાસ્ત્ર વિભાગના પૂર્વ પ્રાધ્યાપક હરીશ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમના પ્રારંભે પ્રદર્શન અને કલા વિભાગના પ્રા.દિગીશ વ્યાસે નાટકની પ્રસ્તાવના જણાવી, ત્યારબાદ નાટ્યમંચન થયું. આ નાટક ભારતીય જ્ઞાન-પરંપરા અને હિન્દુ સ્ટડીઝના પ્રાધ્યાપકો દ્વારા પ્રસ્તુત થયું, જેનું દિગ્દર્શન પ્રો. દિગીશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

મંચન પછી પ્રો. હરીશ વ્યાસે 'કર્ણભાર' નાટકના શીર્ષકમાં રહેલા મર્મને સ્પષ્ટ કર્યો. માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયજીએ નાટ્યમંચન અને અભિનયકલા વિશે વાત કરી. અંતે સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક ડૉ. વિનોદ માજીરાણાએ આભારની લાગણી વ્યક્ત કરી અને કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિષયના પ્રાધ્યાપિકા શ્રી રાખી જૈને કર્યું.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું પરિસર 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત 'વંદે માતરમ્'ના નારાથી ગૂંજી ઉઠ્યું: ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

તારીખ: 14 ઑગસ્ટ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નું પરિસર દેશભક્તિમય વાતાવરણથી ગૂંજી ઉઠ્યું. "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજીનાં માર્ગદર્શન હેઠળ આ ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન થયું.

યુનિવર્સિટીના પરિસર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યૂ પાસેથી યુનિવર્સિટી વિસ્તારમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય'ના નારાથી સંપૂર્ણ વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. આ યાત્રા "હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતાનો ઉત્સવ, સ્વચ્છતા સાથે"ની થીમ પર યોજાઈ હતી, જેમાં સમગ્ર યુનિવર્સિટી પરિવારનાં કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયાં હતાં.






# BAOUની વિવેકાનંદ લાઈબ્રેરીમાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત સ્વતંત્રતાની સુગંધ પ્રસરાવતા ઐતિહાસિક ગ્રંથોના વિશેષ સંગ્રહનું પ્રદર્શન કરવામાં આવ્યું.

તારીખ: 14 ઑગસ્ટ, 2025

અમદાવાદ: તા. 14/08/2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નાં વિવેકાનંદ લાઈબ્રેરી દ્વારા માનનીય કુલગુરુશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત "પુસ્તકના પાનાંઓમાં સ્વતંત્રતાની સુગંધ: સ્વાતંત્ર્ય સેનાની પુસ્તક પ્રદર્શન"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનચરિત્રો, ભારતના સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસ, રાષ્ટ્રીય નેતાઓના વિચારો, તથા દેશભક્તિ સંબંધિત સાહિત્યનો વિશેષ સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનપ્રસંગો અને વિચારધારાઓને રજૂ કરતા પુસ્તકો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા.

યુનિવર્સિટીનાં અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રંથાલયનાં અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 79મા સ્વતંત્રતાપર્વની ઉત્સાહભેર ઉજવણી



તારીખ: 15 ઑગસ્ટ, 2025

અમદાવાદ: ભારતના 79મા સ્વતંત્રતાપર્વ અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદના પરિસરમાં ઉત્સાહ સાથે સ્વદેશાભિમાનનો સૂર પૂર્યો હતો. યુનિવર્સિટીના માનનીય કુલગુરુ પ્રો. અમીબેન ઉપાધ્યાયજીના પ્રેરક માર્ગદર્શન સાથે ધ્વજવંદન કરીને 79મા સ્વતંત્રતાપર્વની ઉજવણી કરવામાં આવી.

આ તકે સૌપ્રથમ યુનિવર્સિટી-પરિવારના તમામ સભ્યોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યૂને પુષ્પાંજલિ અર્પણ કરીને ધન્યતાની લાગણી અનુભવી. ત્યારબાદ માનનીય કુલગુરુ મહોદયાના હસ્તે ધ્વજવંદના થઈ અને ઉપસ્થિત સમુદાય રાષ્ટ્રગાનની ધૂનમાં એકરૂપ બન્યા.

રાષ્ટ્રગાન બાદ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા રાષ્ટ્રગૌરવ સંબંધિત પ્રસ્તુતિ કરવામાં આવી. પ્રો. યોગેન્દ્ર પારેખે મહર્ષિ શ્રી અરવિંદ અને મહાદેવભાઈ દેસાઈને યાદ કરીને અભ્યાસપૂર્ણ અંજલિ આપી. પ્રો. નીલેશ મોદીએ યુનિવર્સિટીની સિદ્ધિઓ અંગે વિસ્તૃત માહિતી આપી. કુલ સચિવ શ્રી અજયસિંહ જાડેજાએ આઝાદીથી આજ સુધીનાં યુદ્ધમાં શહીદ થયેલા ભારતમાતાના વીર સપૂતોને ગૌરવ સાથે યાદ કર્યા.

ત્યારબાદ, કુલગુરુ મહોદયા પ્રો. અમીબેન ઉપાધ્યાયજીએ ભારત દેશને વધુ ઉન્નત બનાવવા માટે દેશના દરેક નાગરિકે સ્વકર્મને સમજીને, ભલે 'ખિસકોલી' જેવું નાનું યોગદાન હોય, પણ દેશનો વિકાસ થાય તેવા કાર્યમાં સતત રત રહે, એમ જણાવી સૌને પ્રત્યેક દિવસે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહેવા આહ્વાન કર્યું. કાર્યક્રમનું સમાપન વંદે માતરમ ગાન અને ભારત માતા કી જયના ઘોષનાદ સાથે થયું. કાર્યક્રમનું સંચાલન ડૉ. ગાયત્રી ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું .





# ‘સિનિયર સિટીઝન લાઇફ લૉન્ગ લર્નિંગ ક્લબ’નો શુભારંભ

અમદાવાદ: ઓપન ડિસ્ટન્સ એજ્યુકેશન (ODE) પદ્ધતિ શિક્ષણ માટે સમય અને સ્થળની સાથે વયનાં બંધનોને પણ દૂર કરે છે. NEP 2020 આ જ સારતત્ત્વ સાથે કામ કરે છે અને લાઇફ લૉન્ગ લર્નિંગ (આજીવન શિક્ષણ)ને મહત્ત્વ આપે છે. આ સંદર્ભમાં, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નાં લાઇફ લૉન્ગ લર્નિંગ અને એક્સ્ટેન્શન એક્ટિવિટી વિભાગ દ્વારા "સિનિયર સિટીઝન દિવસ" (21 ઑગસ્ટ)ની પૂર્વ સંધ્યાએ, તા. 20 ઑગસ્ટની સાંજે Senior Citizen Life Long Learning Clubનો શુભારંભ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં લાઇફ લૉન્ગ લર્નિંગનાં ઉદાહરણરૂપ યુનિવર્સિટીનાં વરિષ્ઠ વયસ્ક વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફેસર ડૉ. અમી ઉપાધ્યાયજી દ્વારા યુનિવર્સિટીની શિક્ષણ પદ્ધતિનો પરિચય આપીને, સૌને સતત શીખતાં રહેવાની તક મળે છે, તે વાત રજૂ કરવામાં આવી.

સિનિયર સિટીઝન ક્લબના આરંભ પ્રસંગે રાજીવ વ્યાસનાં ઓરકેસ્ટ્રાએ સિનિયર સિટીઝન્સની સાંજ જૂનાં હિન્દી ફિલ્મ ગીતોથી યાદગાર બનાવી હતી. આ કાર્યક્રમમાં હીરામણી સિનિયર લિવિંગ ઉપરાંત છારોડી વિસ્તારના રહેવાસીઓ ઉત્સાહથી જોડાયા હતા.

સંગીત સંધ્યાનું સંચાલન શ્રી હરદ્વાર ગોસ્વામીએ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નિગમ પંડ્યાએ કર્યું હતું. આભાર વિધિ ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. કૃતિ છાયાને સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિસના તમામ અધ્યાપકો તેમજ વહીવટ વિભાગનો સહયોગ મળ્યો હતો.







# डॉ. बाबासाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी में भारतेंदु हरिश्चंद्र की 175वीं जयंती का आयोजन

**दिनांक: 28 अगस्त, 2025**

**अहमदाबाद:** डॉ. बाबासाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी (BAOU), अहमदाबाद के स्कूल ऑफ ह्यूमैनिटीज एंड सोशल साइंसेज के हिंदी विभाग द्वारा दिनांक 28 अगस्त, 2025 (भाद्रपद माह शुक्ल पक्ष पंचमी – ऋषि पंचमी) को एक विशेष कार्यक्रम आयोजित किया गया। आधुनिक हिंदी साहित्य के पितामह कहे जाने वाले भारतेंदु हरिश्चंद्र की 175वीं जयंती के विशेष अवसर पर, विश्वविद्यालय के ज्योतिर्मय परिसर के गौतम हॉल में यह आयोजन हुआ।

इस अवसर पर, हिंदी विभाग के सहायक प्राध्यापकों द्वारा भारतेंदु जी द्वारा रचित प्रसिद्ध प्रहसन 'अंधेर नगरी' का वाचिकाभिनय (वाचन के माध्यम से अभिनय) प्रस्तुत किया गया।

















# 'રાષ્ટ્રીય ખેલ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી

**તારીખ: 29 ઑગસ્ટ, 2025**

**અમદાવાદ:** ગુજરાત સરકાર અને UGC દ્વારા મળેલ નેશનલ સ્પોર્ટ્સ ડે આયોજન અન્વયે તા. 29/08/2025ના રોજ હોકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદજીની જન્મજયંતિ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) માં કાર્યક્રમ યોજાયો. "एक घंटा खेल के मैदान में" નાં હેતુ સાથે યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે વિવિધ રમતગમત અને ફિટનેસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન BAOUનાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીનાં માર્ગદર્શન અનુસાર થયું હતું.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી, કુલસચિવશ્રી ડૉ. એ. કે. જાડેજા, તેમજ જુદી જુદી સ્કૂલના નિયામકશ્રીઓ અને યુનિવર્સિટીના તમામ વિભાગોમાંથી શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ સહભાગી થયા હતા.

શરૂઆતમાં ડૉ. સંજય પટેલે પોતાના વક્તવ્યમાં આરોગ્ય અને રમતગમતની સંસ્કૃતિને સમાજ માટે અનિવાર્ય બાબત ગણાવી અને સહભાગી રમતવીરોનું સ્વાગત કર્યું. ત્યારબાદ ડૉ. નીતુ કનારાએ દરરોજ રમવા તથા રમતગમત અને તંદુરસ્તીની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા શપથ લેવડાવ્યા. ડૉ. ભાગ્યશ્રી રાજપૂત દ્વારા વિવિધ રમતોમાં સહભાગી થયેલ સભ્યોની યાદી મુજબ વ્યવસ્થાપન કરવામાં આવ્યું.

યુનિવર્સિટીના તમામ સહભાગી રમતવીરોએ લીંબુ-ચમચી, વોલીબોલ, બેડમિંટન, કોથળાદોડ, રસ્સાખેંચ, દોરડાકૂદ, લંગડીકૂદ વગેરે રમતોમાં સક્રિય ભાગીદાર બની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નીતુ કનારા અને ડૉ. ભાગ્યશ્રી રાજપૂત દ્વારા કરવામાં આવ્યું હતું. રમતગમત આયોજન સફળ બનાવવામાં સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વિષયના અધ્યાપકોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. માનનીય કુલપતિશ્રી અને કુલસચિવશ્રીની ઉપસ્થિતિ સહભાગી રમતવીરોને વધુ પ્રોત્સાહિત કરવા અને જુસ્સો વધારવા પ્રેરણાદાયી રહી હતી.

# BAOU Research and Development Cell Organizes Workshop on "Empowering Research with Computational Tools and AI”

03 September 2025

Ahmedabad: The Research and Development Cell, Dr. Babasaheb Ambedkar Open University, successfully organized a Workshop & Hands-on Training on “Empowering Research with Computational Tools and AI” on 3rd September 2025, under the guidance of Hon’ble Vice Chancellor Prof. Ami Upadhyay.

Prof. Dilip Barad, Professor & Head, Department of English, MKBU, Gujarat, conducted an insightful and interactive session, demonstrating the role of AI and computational tools in advancing academic research. Participants gained valuable exposure to practical applications and innovative approaches.

The event began with a welcome address by Prof. Nilesh K. Modi, Director, Research and Development Cell, highlighting the importance of digital tools in strengthening the research ecosystem of BAOU.

In her message, Hon’ble Vice Chancellor Prof. Ami Upadhyay emphasized the University’s commitment to fostering a culture of quality research and innovation, encouraging scholars and faculty members to embrace new technologies for impactful outcomes.

Faculty members and research scholars actively participated, making the workshop engaging and outcome-driven.

A heartfelt thanks to our distinguished speaker and all participants for contributing to the success of this initiative!





# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ BAOU ખાતે 'ડિસ્ટન્સ એજ્યુકેશનમાં શિક્ષક' વિષય પર કાર્યક્રમનું આયોજન

**તારીખ: 04 સપ્ટેમ્બર, 2025**

**અમદાવાદ:** પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં, તેમના જન્મદિવસની પૂર્વસંધ્યાએ, તા. 4-9-2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના એક્સ્ટેન્શન એક્ટિવિટી વિભાગ દ્વારા "ડિસ્ટન્સ એજ્યુકેશનમાં શિક્ષક" વિષય આધારિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બદલાતાં સામાજિક સમીકરણો અને શિક્ષણ માધ્યમ જેવા વિષય ઉપર પ્રોફેસર ડૉ. અજીતસિંહ રાણા, પ્રોફેસર ડૉ. નીલેશ મોદી, ડૉ. સંજય પટેલ, ડૉ. કૃતિ છાયા વગેરેએ તેમના વિચારો રજૂ કર્યા હતા.

પ્રો. ડૉ. નીલેશ મોદીએ ડિસ્ટન્સ લર્નિંગ, ઓપન લર્નિંગ અને ઓપન ડિસ્ટન્સ ડિજિટલ લર્નિંગ ક્ષેત્રે શિક્ષકોએ ભવિષ્ય માટે સજ્જ થવાની વાત પર ભાર મુક્યો. પ્રો. ડૉ. અજીતસિંહ રાણા દ્વારા ટેક્નોલોજિકલ વિકાસ સાથે નૈતિકતા અને સામાજિક ધોરણોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં યુનિવર્સિટીના તમામ શિક્ષકો જોડાયા હતા. સંચાલન ડૉ. નીતૂ કનારા દ્વારા કરવામાં આવ્યું હતું.




> માત્ર સંખ્યાની દૃષ્ટિએ વિશાળ વસ્તી હોવું તે પૂરતું નથી સફળતા હાંસલ કરવા કોઈ પણ સમાજે સતત જાગ્રત, સામર્થ્યવાન, સુશિક્ષિત અને સ્વાભિમાની બનવું અગત્યનું છે.
>
> – ડૉ. બાબાસાહેબ આંબેડકર




## BAOU Vice Chancellor Prof. Ami Upadhyay Represents University at Global PCF11 Panel in New Zealand

Date: September 11, 2025

At #PCF11BW, the Commonwealth of Learning (COL) and the Association of Commonwealth Universities (ACU) launched a landmark joint study on skills-based, labour-market oriented courses for the future of higher education.

We are delighted to share that our Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay, represented Dr. Babasaheb Ambedkar Open University (BAOU) at the Vice-Chancellors Panel, alongside distinguished leaders from Africa and Asia.

Prof. Upadhyay contributed her vision on how open, distance, and digital learning can equip young people with future-ready skills, bridging gaps in access, equity, and employability. Her insights reaffirm BAOU's commitment to inclusive, flexible, and industry-aligned education for all.

We congratulate Prof. Upadhyay for bringing BAOU's voice to the global stage and shaping pathways for learners across the Commonwealth.

"Why should society feel responsible only for the education of children, and not for the education of all adults of every age?"

– Erich Fromm

***

"There is no greater education than one that is self-driven."

– Neil deGrasse Tyson

# BAOU- પાટણ પ્રાદેશિક કેન્દ્ર : વિદ્યાર્થીઓ માટે “SSIP 2.0 પર સ્ટુડન્ટ સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ”નું આયોજન

પાટણ/અમદાવાદ: તા. 12/09/2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના સતત માર્ગદર્શન તથા પ્રેરણા હેઠળ ISIICTL (Innovation, Start-ups, Internship, Incubation, Collaborations, Technology and Linkages)ના SSIP વિભાગ દ્વારા પાટણ પ્રાદેશિક કેન્દ્ર તથા તેને સંલગ્ન અભ્યાસ કેન્દ્ર 2401માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે “Student Sensitization Program on SSIP 2.0”ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

અધ્યક્ષીય ઉદ્બોધન અને મુખ્ય વક્તા તરીકે પ્રો. (ડૉ.) મનોજ શાહ, નિયામકશ્રી, ISIICTL દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાત સરકારે શરૂ કરેલ SSIP 2.0 પહેલ વિશે અને વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અંતર્ગત આપવામાં આવતી ગ્રાન્ટ વિશે માહિતગાર કરવામાં આવેલ. તેમણે આ ગ્રાન્ટ માટેની પાત્રતા, સમગ્ર પ્રક્રિયા અને સ્ટાર્ટઅપ અને ઇનોવેશન વિશે વિદ્યાર્થીઓને વિચારોથી પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC) સુધી પહોંચવા સંદર્ભે વાસ્તવિક ઉદાહરણો દ્વારા માહિતગાર કરેલ.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને સ્ટાર્ટઅપ અને ઇનોવેશનને લગતા પોતાના વિચારો રજૂ કરેલ. કાર્યક્રમના અંતે નિયામકશ્રી દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉકેલ માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી કૃણાલ મિસ્ત્રી, આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ તથા પાટણ પ્રાદેશિક કેન્દ્રનાં રીજનલ ડાયરેક્ટર ડૉ. કિંજલ પટેલ હાજર રહ્યાં હતાં.





WORLD YOUTH FESTIVAL

**WORLD YOUTH FESTIVAL DIRECTORATE**

AUTONOMUS NON-PROFIT ORGANIZATION
109208, Moscow, 10A/2 Podkolokolny lane
ITN/TRRC 9704210995 / 770901001
e-mail info@wyffest.com
20.08.2025 DI-2025/02-510 – 18ac6aab
to № ______________ dated ____________________

Official Invitation to the event

Dear Mr /Ms. Akshay Ghanshyambhai Garaiya

We invite you to join the World Youth Festival Assembly 2025 that will be held on September 17 — 21, 2025 as a participant.

The upcoming event is a unique international youth event. It will be attended by public figures and celebrities, as well as young professionals in entrepreneurship, public administration, education and science, media, creative industries and art, digitalization and IT.

The World Youth Festival Assembly 2025 offers a rich program, which includes sports, cultural, scientific, and educational events, as well as panel sessions and round tables.

